# આણંદ કૃષિ યુનિવર્સિટી, ઈન્ડિયન સોસાયટી ઓફ સોઈલ સાઈન્સ, આણંદ ચેપ્ટર તથા કૃભકો દ્વારા સંયુક્ત ઉપક્રમે આકૃયુ, આણંદ ખાતે વિશ્વ જમીન દિવસ – ૨૦૨૩ ઉજવણી

આણંદ કૃષિ યુનિવર્સિટી, ઈન્ડિયન સોસાયટી ઓફ સોઈલ સાઈન્સ, આણંદ ચેપ્ટર તથા કૃભકો દ્વારા સંયુક્ત ઉપક્રમે મંગળવાર તા.૫.૧૨.૨૦૨૩ના રોજ ઓડીટોરીયમ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે વિશ્વ જમીન દિવસ – ૨૦૨૩ ઉજવણી નું આયોજન ડૉ. કે. બી. કથીરીયા, માનનીય કુલપતિશ્રી, આ.કૃ.યુ., આણંદના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું જેનો મુખ્ય વિષય "જમીન અને પાણી: જીવનનો સ્ત્રોત" (Soil and Water: Source of Life) આધારીત હતો. જેનો મુખ્ય ઉદ્દેશ ખેતીમાં જમીનની ફળદ્રુપતા જાળવણી તથા પાણીનું વ્યવસ્થાપન કરવા અંગેની જાગૃતતા લાવવા માટેનો હતો. આ પ્રસંગે આ.કૃ.યુ.ની ડીગ્રી કોલેજો બી.એસી.એ., હોર્ટીકલ્ચર, એફ.પી.ટી., એ.આઈ.ટી., આઈ.એ.બી.એમ.આઈ., એગ્રી. કોલેજ વસો અને જબુગામ તથા પોલીટેક્નીક આણંદ, વસો અને વડોદરાના અંદાજે ૩૦૦ વિદ્યાર્થીઓ તથા વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં ડૉ. એન. જે. જાદવ, વિભાગીય વડાશ્રી, જમીન વિજ્ઞાન દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયા દ્વારા ઉપસ્થિત સર્વેને વિશ્વ જમીન દિવસની ઉજવણીનું મહત્વ તથા વધુમાં ખેડૂતો અને શાળાઓના વિધાર્થીઓમાં પણ આ અંગેની જાગૃતતા લાવવા માટે ભાર મુક્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સંશોધન નિયામક અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી, ડૉ. એમ. કે. ઝાલા દ્વારા જમીન અને પાણીની ખેતીમાં સુચારૂ ઉપયોગ તથા જમીનને સંલગ્ન સંશોધનો કરતી વિવિધ સંસ્થાઓ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. આ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. વાય. એમ. શુક્લ, આચાર્યશ્રી, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, ડૉ. કે. પી. પટેલ, નિવૃત આચાર્યશ્રી તથા શ્રી મુકેશભાઈ ગોધાસરા, સિનિયર એરીયા મેનેજર, કૃભકો હાજર રહી જમીન તથા પાણીના ખેતીમાં ઉપયોગીતા બાબતે માર્ગદર્શન પૂરૂ પાડ્યુ હતું.

વિશ્વ જમીન દિવસની ઉજવણી અંતર્ગત ઈન્ડિયન સોસાયટી ઓફ સોઈલ સાઈન્સ, આણંદ ચેપ્ટર દ્વારા "જમીન અને પાણી: જીવનનો સ્ત્રોત" વિષય પર યુજી તથા પોલીટેક્નીક વિદ્યાર્થીઓ માટે પોસ્ટર પ્રેઝન્ટેશન અને પીજી વિદ્યાર્થીઓ માટે મૌખિક પ્રેઝન્ટેશન સ્પર્ધા રાખવામાં આવેલ હતી. ડૉ. યોગેશ્વરી ઝાલા મદદનીશ પ્રોફેસર, એગ્રી. માઈક્રોબાયોલોજી દ્વારા 'જમીન અને પાણી: જીવનનો સ્ત્રોત' વિષય પર ગેસ્ટ લેક્ચર આપવામાં આવ્યું હતું. વધુમાં જમીન વિજ્ઞાન વિષય પર અનુસ્નાતક ડીગ્રી મેળવેલ વિધાર્થીઓ દ્વારા તેઓશ્રીના સંશોધન વિષય પર સ્પર્ધાત્મક મૌખિક પ્રેઝન્ટેશન રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આણંદ ચેપ્ટરના સેક્રેટરી ડૉ. કે. સી. પટેલ દ્વારા વિજેતાઓના નામ જાહેર કરવામાં આવ્યા અને મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને ઈનામ તથા સર્ટીફિકેટ વિતરણ કરી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. સમગ્ર પ્રોગ્રામનું એંકરીંગ પીજી વિદ્યાર્થીની કુ. તાન્યા દ્વારા કરવામાં આવ્યુ હતુ.

કાર્યક્રમના અંતે ડૉ. જે. કે. પરમાર દ્વારા આ.કૃ.યુ. તથા કૃભકોના મહાનુભાવો, વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ અને સ્પર્ધાઓમાં નિર્ણાયક સમિતિના કન્વીનર અને સભ્ય તરીકે ફરજ બજાવેલ વૈજ્ઞાનિકો તથા વિશેષમાં ઈન્ડિયન સોસાયટી ઓફ સોઈલ સાઈન્સ, આણંદ ચેપ્ટરના હોદ્દેદારો સર્વશ્રી ડૉ. વી. પી. રામાણી, ડૉ. એન. જે. જાદવ, ડૉ. કે. સી. પટેલ, ડૉ. જે. કે. પરમાર, ડૉ. દિલીપ કુમાર અને વધુમાં ડૉ. એમ. બી. વિરડીયા, ડૉ. પરેશ રાઠોડ, ડૉ. આકાશ મિશ્રા, ડૉ. પુનિત મહેતા અને અન્ય સર્વ સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કાર્યક્રમની ઝાંખીઓ


KRIBHCO
Cooperative and beyond...
AAU
World Soil Day
World Soil Day-2023
Theme: Soil and Water : Source of life
Jointly Organized By
Krishak Bharati Cooperative Limited (KRIBHCO) 'Bio-Fertilizer Promotion Campaign'
Anand Agricultural University Anand, Gujarat
Anand Chapter of Indian Society of Soil Science (ISSS) BACA, AAU, Anand
Date: 5th December, 2023 Time: 16.00 hrs
Venue: Auditorium, BACA














World Soil Day-2023






World Soil Day-2023


KRIBHCO
World Soil Day-2023
Theme - Soil and Water : Source of life


KRIBHCO
World Soil Day-2023
Theme - Soil and Water : Source of life


KRIBHCO
World Soil Day-2023
Theme - Soil and Water : Source of life


World Soil Day-2023






